# રાજ્યમાં ૧૧૩૦૨ એક્ટિવ કેસ, નવા ૯૧૯

## ૧૦નાં મૃત્યુ, કુલ મૃત્યુઆંક ૨૦૯૧ : કોરોનાના સુરતમાં ૨૯૫ નવા કેસ નોંધાયા : કોરોના સંક્રમિતનો કુલ આંકડો ૪૫ હજારને પાર

ગાંધીનગર,તા.૧૬

રાજ્યમાં સતત ચોથા દિવસે કોરોના પોઝિટિવનો આંકડો ૯૦૦ને પાર નોંધાયો છે. આજે રાજ્યમાં ૧૧૪૬૩ ટેસ્ટ કોરોનાના કરવામાં આવતા ૯૨૯ કેસ પોઝિટિવ નોંધાયા હતા. આ સાથે રાજ્યમાં કુલ સંક્રમિતનો આંકડો ૪૫ હજારને પાર થઈ ૪૫૫૬૯ કેસ નોંધાયા છે. રાજ્યમાં આજે કોરોનાના ૧૦ દર્દીઓના મોત થતા કુલ મૃત્યુઆંક ૨૦૮૧ થયો છે. રાજ્યમાં આજે ૮૨૮ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવતા કુલ ડિસ્ચાર્જ કરવાનો આંકડો ૩૨ હજારને પાર કરી ૩૨૧૭૪ થયો છે. રાજ્યમાં હાલની સ્થિતિએ ૧૧૨૨૧ એક્ટિવ કેસ છે. જેમાં ૭૩ વેન્ટીલેટર પર ૧૧૨૨૯ દર્દી સ્ટેબલ છે. રાજ્યમાં સતત ચોથા દિવસે પોઝિટિવનો આંકડો ૯૦૦ ને પાર થયો હતો.સાથો સાથ રોજેરોજ કોરોનાના કુલ સંક્રમિત આંકડામાં ૧૦૦૦ નું મીટર ફરી જતા આજે ૪૫ હજારને પાર આંકડો ગયો હતો.રાજ્યમાં આજે કોવિડના કારણે ૧૦ મોત નીપજ્યા હતાં.જેમાં અમદાવાદ કૉર્પોરેશનમાં ૫, અને સુરત કૉર્પોરેશનમાં ૫ મોંત નોંધાયા છે.અમદાવાદ કૉર્પોરેશનમાં ૧૬૮ અને ગ્રામ્યમાં ૧૩ સાથે કુલ ૧૮૧ કેસ કોરોનાના કુલ સંક્રમિતોનો આંકડો ૨૩૭૮ થયો છે.આજે વધુ ૫ મોત સાથે ૧૫૩૨ કુલ મૃત્યુઆંક અમદાવાદમાં છે.

આજે સુરત શહેરમાં ૨૭૦ અને ગ્રામ્યમાં ૪૮ સાથે કોરોનાના ૨૩૪ કેસો નોંધાતા કુલ સંક્રમિતોનો આંકડો ૮૯૦૭ થયો છે.જ્યારે વધુ ૫ મોત સાથે સુરતમાં ૨૩૪ કુલ મૃત્યુઆંક પહોંચ્યો છે. વડોદરા શહેરમાં ૬૩ અને ગ્રામ્યમાં ૧૧ સાથે વડોદરા શહેરમાં કુલ સંક્રમિતોનો આંકડો ૩૩૫૩ થયો છે.ગાંધીનગર કૉર્પોરેશનમાં ૬ અને ગ્રામ્યમાં ૨૧ સાથે ૨૭ દર્દી નોંધાયા છે.આ સાથે કોરોના સંક્રમિતોનો કુલ આંકડો ૧ હજારને પાર થઈ ૧૦૦૧ થયો છે.રાજ્યમાં અત્યાર સુધીમાં ૪,૯૯,૧૭૦ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં આજની સ્થિતિએ કુલ ૩૫૬૧૪૨ વ્યક્તિઓને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૩૫૩૭૫૭ વ્યક્તિઓ હોમ ક્વોરોન્ટાઈન અને ૨૩૮૫ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરોન્ટાઈન રાખવામાં આવ્યા છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૨૩૭૮૦ | ૧૫૩૩ | ૧૮૬૨૭ |
| સુરત | ૮૯૦૭ | ૨૪૦ | ૫૬૨૮ |
| વડોદરા | ૩૩૫૩ | ૫૪ | ૨૬૧૬ |
| રાજકોટ | ૮૧૮ | ૧૭ | ૨૭૦ |
| ભાવનગર | ૭૯૮ | ૧૫ | ૨૩૭ |
| ગાંધીનગર | ૯૯૧ | ૩૭ | ૬૮૯ |
| કચ્છ | ૨૮૪ | ૦૭ | ૧૬૩ |
| મહેસાણા | ૫૧૨ | ૧૪ | ૨૨૨ |
| ગીર-સોમનાથ | ૧૫૫ | ૦૧ | ૫૩ |
| પોરબંદર | ૩૦ | ૦૨ | ૨૨ |
| પંચમહાલ | ૨૬૯ | ૧૬ | ૨૦૯ |
| પાટણ | ૩૧૩ | ૧૯ | ૨૩૫ |
| છોટાઉદેપુર | ૯૧ | ૦૨ | ૫૬ |
| જામનગર | ૪૦૫ | ૦૯ | ૨૦૪ |
| મોરબી | ૧૧૯ | ૦૪ | ૫૮ |
| સાબરકાંઠા | ૨૮૩ | ૦૮ | ૧૮૬ |
| આણંદ | ૩૩૪ | ૧૩ | ૨૮૯ |
| દાહોદ | ૧૯૯ | ૦૨ | ૬૦ |
| ભરૂચ | ૫૧૧ | ૧૧ | ૨૮૭ |
| બનાસકાંઠા | ૩૯૪ | ૧૫ | ૩૦૭ |
| ખેડા | ૩૮૮ | ૧૪ | ૨૩૪ |
| બોટાદ | ૧૩૫ | ૦૩ | ૮૭ |
| નર્મદા | ૧૨૧ | ૦૦ | ૯૬ |
| અરવલ્લી | ૨૬૦ | ૨૪ | ૨૧૯ |
| મહીસાગર | ૧૯૭ | ૦૨ | ૧૩૪ |
| નવસારી | ૨૯૮ | ૦૩ | ૧૬૨ |
| તાપી | ૫૩ | ૦૦ | ૩૯ |
| વલસાડ | ૩૯૧ | ૦૫ | ૧૬૭ |
| જૂનાગઢ | ૪૬૫ | ૦૭ | ૨૯૦ |
| સુરેન્દ્રનગર | ૪૦૦ | ૦૮ | ૧૪૪ |
| દેવભૂમિ દ્વારકા | ૨૯ | ૦૩ | ૨૩ |
| ડાંગ | ૦૭ | ૦૦ | ૦૪ |
| અમરેલી | ૨૦૦ | ૦૯ | ૯૩ |
| કુલ | ૪૫૫૬૭ | ૨૦૯૧ | ૩૨૧૭૪ |

## બનાસકાંઠા જિલ્લામાં વધુ ૧૪ કેસ પોઝિટિવ

બનાસકાંઠા જિલ્લામાં ગુરૂવારે વધુ ૧૪ કેસ પોઝિટિવ નોંધાયા હતા. પાલનપુર ૭, ડીસા ૩, ધાનેરા, દાંતીવાડા, કાંકરેજ ૧ પોઝીટીવ કેસ આવ્યા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૪૬૧ પહોંચી ગઈ છે.તેમજ મૃત્યુઆંક ૧૭ થવા પામ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું લોકલ સંક્રમણ વધતાં દિન પ્રતિદિન કેસો વધી રહ્યા છે. આવી સ્થિતિ વચ્ચે ગુરૂવારે વધુ ૧૪ કેસ પોઝિટિવ નોંધાયા હતા. પાલનપુર ૭, ડીસા ૩, ધાનેરા, દાંતીવાડા, કાંકરેજ ૧ પોઝીટીવ કેસ આવ્યા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૪૬૧ પહોંચી ગઈ છે.તેમજ મૃત્યુઆંક ૧૭ થવા પામ્યો છે.

આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનીસ ફેન્સીએ જણાવ્યું હતું કે, પાલનપુર અને ડીસામાં કોરોનાના કેસ વધી રહ્યા છે. ત્યારે જિલ્લા કલેકટરના જાહેરનામાનો સખ્તાઈથી પાલન કરી માસ્ક, સોશિયલ ડિસ્ટન્સ સહિતના નિયમોનું પાલન કરવા તેમજ કામ વગર ઘરની બહાર ન નીકળવા પ્રજાજનોને અપીલ કરવામાં આવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા એક માસથી કોરોના વાયરસ બેકાબુ બની રહ્યો છે. શરૂઆતમાં જિલ્લાના ચાર થી પાંચ ગામડાઓમાં અમદાવાદ, સુરત સહિતના શહેરમાંથી આવેલા ચેપ ગ્રસ્તોના કારણે કોરોના વાયરસ પ્રસર્યો હતો. જોકે, તે બાદ લોક ડાઉન ખુલતાં પાલનપુર, ડીસા, થરાદ સહિતના શહેરોમાં પણ હવે કોરોના વાયરસ ઝડપભેર પ્રસરી રહ્યો છે. જો લોકો સ્વંય નિયમોનું પાલન નહિ કરે તો પરિસ્થિતિ હજુ પણ ગંભીર થવાની ભીતિ સેવાઈ રહી છે.



## બનાસકાંઠામાં ચોમાસું જામ્યું : ઠેરઠેર વરસાદીથી ઠંડક પ્રસરી

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે દિવસથી વાતાવરણમાં પલટો નોંધાયો છે. જ્યાં બુધવારે રાત્રે અને ગુરુવારે દિવસ દરમિયાન સરહદી સહિતના વિસ્તારમાં વરસાદ પડ્યો હતો. જેને લઈ વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

સમગ્ર ગુજરાતમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં પણ છેલ્લા બે દિવસથી વાતાવરણ પલટયું છે. જ્યાં બુધવારે રાત્રે અને ગુરુવારે દિવસ દરમિયાન સરહદી સહિતના વિસ્તારમાં વરસાદ પડ્યો હતો. જેને લઈ વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. પાલનપુર સહિત ગ્રામીણ વિસ્તારોમાં દિવસ દરમિયાન ભારે વરસાદી ઝાપટાં પડતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. વડગામ પંથકમાં પણ દિવસભરના ઉકળાટ બાદ સાંજના સુમારે વરસાદ પડ્યો હતો. આ અંગે ડિઝાસ્ટર વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, અમીરગઢ, ભાભર, લાખણીપંથકમાં ૨ ઈંચ જ્યારે અન્ય વિસ્તારોમાં ૧ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો.

## સુરતમાં સ્મશાન ગૃહની બહાર ચોકી પહેરો ગોઠવાયો

### સુરતના સ્મશાનગૃહ બહાર સિક્યુરિટી ગાર્ડ અને પોલીસ જવાનોને મુકી દેવાતા તંત્રની કામગીરી સામે આશંકા છે

સુરત, તા. ૧૬

સુરતમાં કોરોના વાયરસના કારણે મોતને ભેટી રહેલા દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. જેના કારણે સુરતના સ્મશાન ગૃહમાં પણ લાશોના અંતિમવિધિ માટે લાંબુ વેઈટિંગ બોલાવી રહ્યું છે. જેના કારણે પરિવારજનોએ પણ અંતિમવિધિ માટે કલાકો સુધી રઝળપાટ કરવાનો વારો આવ્યો છે. જોકે સુરતમાં તંત્ર દ્વારા મોતના સાચા આંકડા છુપાવવામાં આવતાં હોવાની ચર્ચાએ ભારે ઊહાપોહ મચાવ્યો છે. તંત્ર દ્વારા સુરતના સ્મશાનગૃહ બહાર સિક્યુરિટી ગાર્ડ અને પોલીસ જવાનોને મુકી દેવાતા તંત્રની કામગીરી સામે શંકા ઊભી રહી છે. સુરત શહેરમાં કોરોનાએ ભારે કહેર વર્તાવ્યો છે. એક બાદ એક કોરોનામાં સપડાયેલા દર્દીઓ મોતને ભેટી રહ્યા છે. જેના કારણે શહેરના સ્મશાન ગૃહમાં પણ લાશની અંતિમવિધિ માટે પરિવારજનોએ વેટિંગમાં રઝળપાટ કરવાનો વારો આવ્યો છે. સુરતમાં કોરોનાના દર્દીઓનો આંકડો તંત્ર દ્વારા છુપાવવાના પ્રયાસ કરાતા હોવાની હાલ ભારે ચર્ચા છે. ત્યારે શહેરના અશ્વનીકુમાર, ઉમરા અને જહાંગીરપુરા સ્મશાનગૃહ બહાર પાલિકા દ્વારા સિક્યુરિટી ગાર્ડ અને પોલીસ જવાનોને તૈનાત કરી દેવામાં આવ્યા છે. આ સાથે જ સ્મશાનગૃહમાં મીડિયાના પ્રવેશ પર પ્રતિબંધ મૂકી દેવાયો છે. જેથી તંત્ર દ્વારા સ્પષ્ટપણે ક્યાંકને ક્યાંક મોતના આંકડાઓને છુપાવવાનો પ્રયાસ કરાતો હોય તે બાબત અહીં ફલિત થઈ રહી છે.

તો બીજી તરફ તંત્રના અધિકારીઓનું કહેવું છે કે, માત્ર કોવિડના દર્દીઓના આંકડા સરકારી તંત્રના ચોપડે દર્શાવવામાં આવી રહ્યા છે. જ્યારે કે, કો-મોર્બિટ દર્દીઓના આંકડા સરકારી ચોપડે પોઝિટિવ તરીકે બતાવવામાં આવતા નથી. પરંતુ નોન-કોવિડ દર્દીઓમાં પણ એક ટકા કોરોનાની શક્યતા રહેલી હોવાથી તેની અંતિમવિધિ પણ કોરોનાના દર્દીઓની જેમ જ પ્રોટોકોલ મુજબ કરવામાં આવી રહી છે.

## અરવલ્લીના ૧૮૮ ગામના ૬૦૫૪ લોકોએ ધન્વંતરી આરોગ્ય રથનો લાભ લીધો

અરવલ્લી જિલ્લામાં કોરોના વાયરસનો વ્યાપ વધતા શહેર અને ગ્રામ્ય વિસ્તાર તેના સંક્રમણની અસરમાં આવ્યા છે. ત્યારે જિલ્લાના અંતરીયાળ વિસ્તારના લોકોને જિલ્લાના મુખ્યમથક સુધી આરોગ્ય સેવા લેવા આવવું ન પડે અને ઘર આંગણે જ પ્રાથમિક સારવાર મળી રહે તે માટે જિલ્લામાં ૧૪ આરોગ્ય ધન્વંતરી રથ કાર્યરત કરાતા જિલ્લાના ૧૮૮ ગામના ૬૦૫૪ લોકોએ લાભ લીધો હતો.




જિલ્લાના લોકોને જરૂરી આરોગ્ય સેવાઓ સ્થળ પર જ ઉપલબ્ધ થાય તે માટે આરોગ્ય વિભાગ દ્વારા ધન્વંતરી આરોગ્ય રથ શરૂ કરવામાં આવ્યા છે જે કન્ટેન્ટમેન્ટ વિસ્તારમાં જઈ લોકોના આરોગ્યનું નિદાન કરવામાં આવે છે જેમાં અત્યાર સુધી જિલ્લાના ૧૮૮ ગામોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં આરોગ્ય ધન્વંતરી રથમાં આર.બી.એસ.કે. ટીમ, એક સ્ત્રી અને એક પુરૂષ આયુષ મેડિકલ ઑફિસર અને પેરા મેડિકલ સ્ટાફની ટીમ દ્વારા તાવના ૯૧, શરદી, શરદી ખાંસીના ૪૦૪ લોકોનું નિદાન કરી પ્રાથમિક સારવાર આપવામાં આવી છે.

## પાલનપુરના વેપારીની તારથી બાંધી સળગાવી દઈ હત્યા કરાતાં ચકચાર

પાલનપુર

પાલનપુરના લક્ષ્મીપુરાના એક વેપારીને તારથી બાંધી સળગાવી દઈ હત્યા કરાતાં ચકચાર મચી જવા પામી છે. જેમનો મૃતદેહ મંગળવારે મોડી સાંજે આકેસણ - વેડંચા ગામની સિમમાંથી મળી આવ્યો હતો. જેનું પીએમ કરી પોલીસે હત્યારાઓનું પગેરુ મેળવવા ચક્રોગતિમાન કર્યા છે.



પાલનપુરમાં છેલ્લા કેટલાક દિવસોથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસી રહી છે. પોલીસનો ખૌફ ન હોય તેમ ઉપરા છાપરી હત્યાના બનાવો બની રહ્યા છે. તાજેતરમાં આબુ હાઈવે અને આકેસણ રોડ ઉપર બે વ્યક્તિઓની હત્યા કરવામાં આવી હતી. જે બાદ પાલનપુરના લક્ષ્મીપુરાના એક વેપારીને તારથી બાંધી સળગાવી દઈ હત્યા કરાતાં ચકચાર મચી જવા પામી છે. જેમનો મૃતદેહ મંગળવારે મોડી સાંજે આકેસણ - વેડંચા ગામની સિમમાંથી મળી આવ્યો હતો. આ અંગે મળતી માહિતી મુજબ દલપતભાઈ ઈશ્વરભાઈ પ્રજાપતિ (રહે. શેરી નં ૪ લક્ષ્મીપુરા, હાલ રહે નવલપાર્ક સોસાયટી) પાલનપુર તાલુકા પંચાયત સામે કુદરત ગાર્મેન્ટની દુકાન ધરાવે છે. જેઓ મંગળવારે સવારે એમનું બાઈલ લઈને પાંથાવાડા ઉઘરાણીએ જાઉ છું તેમ કહી નીકળ્યા હતા. જોકે, મોડા સુધી પરત ન ફરતાં પરિવારજનો ચિંતિત બની ગયા હતા. દરમિયાન ફોન ઉપર સતત સંપર્ક કરતાં અજાણી વ્યક્તિએ ફોન ઉપાડી દલપતભાઈનો મૃતદેહ આકેસણ - વેડંચા ગામની સિમમાં હોવાનું જણાવ્યું હતું. આથી પરિવારજનો ત્યાં દોડી ગયા હતા. જ્યાં આ વેપારીનો મૃતદેહ એક ઝાડ સાથે તારથી બાંધેલો અને સળગેલી હાલતમાં મળી આવ્યો હતો. આ અંગે પોલીસને જાણ કરવામાં આવતાં તાલુકા પોલીસ મથકનો સ્ટાફ દોડી આવી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડયો હતો. આ અંગે મૃતકના પુત્ર સંદિલકુમારે પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા શખ્સો સામે હત્યાનો ગૂનો નોંધી વધુ તપાસ હાથ છે.

### એકાઉન્ટ હેક

● અનુસંધાન પહેલાનું ચાલુ

છીએ. આશા છે કે તમે સપોર્ટ કરશો. તમે જેટલા પણ બિટકોઈન મોકલશો તેને ડબલ કરીને પાછા અપાશે. આ ફક્ટ ૩૦ મિનિટ માટે જ છે.

એલન મસ્કના એકાઉન્ટથી મેસેજ શેર કરાયો કે કોવિડ ૧૯ના કારણે હું લોકોના બિટ કોઈન ડબલ કરી આપું છું. આ બધા સુરક્ષિત છે. અમેરિકાના રાજકારણ સાથે જોડાયેલી અનેક મોટી હસ્તીઓના ટ્વિટર એકાઉન્ટને હેક કરીને પણ આ રીતે મેસેજ કરાયા. જેમાં બરાક ઓબામા અને જો બિડનના નામ સામેલ છે. જો કે પોસ્ટ થયાના ગણતરીની મિનિટોમાં જ જો કે આ ટ્વિટ્સ ડિલિટ થઈ ગઈ છે. હજુ પણ એ જાણ નથી થઈ કે આખરે આટલી જાણીતી હસ્તીઓના ટ્વિટર એકાઉન્ટને કોણે નિશાન બનાવ્યાં છે.

આ સમગ્ર ઘટના બાદ ટ્વિટરે કહ્યું કે અમને ટ્વિટર એકાઉન્ટ હાઈજેક થવાની જાણકારી છે. હાલ અમે આ મામલે તપાસ કરી રહ્યાં છે. આ સાથે જ તેને ઠીક કરવા માટે પગલાં ભરી રહ્યાં છીએ. અમે જલદી બધાને અપડેટ આપીશું. આ બાજુ હેકિંગની ઘટના બાદ ટ્વિટરે તરત જ ટ્વિટ અને રિટ્વિટ ફંક્શનને ડિસેબલ કરી નાખ્યું. ટ્વિટરે કહ્યું કે અમે આ મામલે સમીક્ષા કરી રહ્યાં છીએ. જેના કારણે યૂઝર પોતાના ટ્વિટર એકાઉન્ટથી ટ્વિટ નહીં કરી શકે અને ન તો પાસવર્ડ રિસેટ કરી શકશે.

### પુલ તૂટ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગઈ છે. એક મહિના અગાઉ જ સત્તર ઘાચ મહાસેતુનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું અને ૨૬૪ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલો આ પુલ હવે પાણીમાં વહી ગયો છે.

૧૬ જૂનના રોજ મુખ્યમંત્રી નીતીશ કુમારે પટનાથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પુલનું ઉદ્ઘાટન કર્યું હતું. પાણીના દબાણના કારણે પુલ તૂટી ગયો છે. જેના કારણે લોકોના અવર-જવર માટેનો રસ્તો બંધ થઈ ગયો છે. લાલછાપર, મુઝફ્ફરપુર, મોતિહારી, બેતિયા જવા માટેનો રસ્તો બંધ થઈ ગયો છે.

આ ઘટના પર આરજેડી નેતા તેજસ્વી યાદવે ટ્વીટ કરીને કહ્યું કે આઠ વર્ષમાં ૨૬૩.૪૭ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવેલો ગોપાલગંજના સત્તર ઘાટ પુલનું ૧૬ જૂનના રોજ નીતીશ કુમાર દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ૨૯ દિવસમાં જ આ પુલ જમીનદોસ્ત થઈ ગયો છે. ખબરદાર! જો કોઈએ આને નીતીશ જીનો ભ્રષ્ટાચાર ગણાવ્યો છે તો. ૨૬૩ કરોડની તો તેમના ઉંદરો દારૂ પી જાય છે.

આ પુલ ગોપાલગંજના ચંપારણથી અને આ સાથે જ તિરહુતના કેટલાક જિલ્લાઓને જોડતો હતો. નોંધનીય છે કે બુધવારના રોજ ત્રણ લાખથી વધારે ક્યૂસેક પાણીનું દબાણ હતું. ગંડકના આટલા મોટો જળસ્તરના દબાણના કારણે આ મહાસેતુનો એપ્રોચ રોડ તૂટી ગયો. બૈકુંઠપુરના ફૈજુલ્લાહપુરમાં આ પુલ તૂટ્યો છે.

### ૧૦ લાખને પાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

એમ મનાય છે કે લોકલ ટ્રાન્મિશન સંક્રમણ વધી રહ્યું હોઈ કેસોમાં વધારો થઈ રહ્યો છે તો તેની સાથે ટેસ્ટીંગનું પ્રમાણ પણ વધારે કરતાં તેમાં પણ કેસો મળી રહ્યાં છે .તો આ તરફ ઈન્ડિયન મેડિકલ એસોસિયેશને દાવો કર્યો કે, અત્યાર સુધી દેશમાં ૯૯ ડોક્ટર્સના કોરોનાના કારણે મોત થયા છે. કુલ ૧૩૦૨ ડોક્ટર્સ સંક્રમિત થયા છે. સંગઠને ડોક્ટર્સને સાવધાની રાખવા માટે રેડ એલર્ટ આપ્યું છે. બિહારમાં ૧૬ દિવસનો લોકડાઉન છે. ગ્વાલિયરમાં પણ ૭ દિવસનો કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. ભોપાલમાં મોટી સંખ્યામાં એકત્ર તતાં હોય તેવા તમામ ધાર્મિક કાર્યક્રમો પર પ્રતિબંધ મૂકાયો છે. જ્યારે જામીતા ક્રિકેટર અને બીસીસીઆઈના ચેરમેન સૌરવ ગાંગુલીના ભાઈ સ્નેહાશીષ કોરોના પોઝીટીવ જણાતાં સૌરવે હોમ ક્વોરન્ટાઈનમાં રહેવાની જાહેરાત કરી છે.

બુધવારે ૩૨ હજાર ૬૦૭ નવા કેસનો ઉમેરો થયો હતો..આ એક દિવસનો સૌથી મોટો આંકડો છે. મહારાષ્ટ્રમાં બુધવારે ૭૯૭૫ નવા દર્દી મળ્યા અને ૨૩૩ મોત થયા હતા. વેબસાઈટ પ્રમાણે, મહારાષ્ટર બાદ તામિલનાડુમાં ૪,૯૯૬ કેસો , કર્નાટકમાં ૩,૧૭૬, યુપીમાં ૧૬૫૯ અને દિલ્હીમાં ૧૬૪૭ કેસો નોંધાયા હતા. સૌથી ઓછા કેસ માત્ર ૫ આંદામાનમાં નોંધાયા હતા. નાગાલેન્ડમાં ૬, સિક્કિમમાં ૧૧, દાદરાનગરહવેલીમાં ૧૭, અને મેઘાલયમાં ૧૯ કેસ નોંધાયા હતા.

### ખેડૂત પરિવાર પર

● અનુસંધાન પહેલાનું ચાલુ

જો કે હવે આ સમગ્ર મામલે રાજનીતિ થઈ રહી છે. કોંગ્રેસ તરફથી રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી કમલનાથે ઘટના પર દુઃખ વ્યક્ત કરતાં સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે જણાવ્યું કે, રાજ્યમાં બદમાશો બેખૌફ થઈ રહ્યા છે અને મધ્ય પ્રદેશ જંગલરાજ તરફ આગળ વધી રહ્યું છે. આ સિવાય કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહે પણ આ મુદ્દે શિવરાજ સરકારને આડેહાથ લીધી હતી. મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ગુનાના કલેક્ટર એસ વિશ્વનાથન અને એસપી તરૂણ નાયકને પદથી હટાવી દીધા હતા. જ્યારે મોડી રાત્રે રાજેશ કુમાર સિંહને ગુના નવા એસપી બનાવવાનો આદેશ જાહેર કર્યો હતો. આ સિવાય રાજ્યના ગૃહમંત્રી નરોત્તમ મિશ્રાએ પણ ઘટનાની હાઈલેવલ તપાસના આદેશ આપી દીધા છે. ભોપાલથી એક ટીમ ગુના જઈને સમગ્ર મામલાને તપાસ કરશે અને આરોપીઓ પર કડક કાર્યવાહી કરશે.

### સમય માંગતુ મનપા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મનપા તંત્રએ તેની પાસે હાલ અપુરતો સ્ટાફ હોવાની રજુઆત કરી હતી. જો કે જિલ્લામાંથી પેથાપુર નગરપાલિકાના ચીફ ઓફિસરની સેવાઓ હાલ મનપા કમિશનર હસ્તક મુકવાના સરકારે હુકમો કર્યા છે તે નોંધનીય છે. મનપા આ ચાર્જ સંભાળવા બહુ ઉતાવળમાં હોય તેવુ લાગતુ નથી.

### વરસાદ નોંધાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. ત્યારે હજુ પણ ગાંધીનગર જિલ્લામાં વરસાદના ભારે રાઉન્ડ માટે નાગરિકો અને ખેડુતો ઉત્સુક છે. વરસાદી ઋતુ નિખરતા શહેર અને જિલ્લામાં સાર્વત્રિક ઠંડક પ્રસરી છે. જયારે ખેડુતો હજુ મેઘરાજા મનમુકીને વરસે તેવી આશ સેવી રહ્યા છે. શહેરમાં વરસાદી ઋતુની સાથે સેકટરોમાં વરસાદી સમસ્યાનો ઢગ ખડકાયો છે. ગંદકી અને રખડતા ઢોર સહીતના પ્રશ્નો પણ સ્થાનિકો માટે દિનપ્રતિદિન જટીલ બનતા જાય છે. જયારે વરસાદી સિઝનમાં મચ્છરોનો ઉપદ્રવ વધતા જન આરોગ્ય સામે નવો ખતરો મંડરાયો છે. શહેરમાં આજે પણ સાંજ ઢળતા વરસાદી વાદળો ઘેરાયા હતા જો કે વરસાદ આવ્યો ન હતો.

### ૨૭ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧૭૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

આજે વધુ ૧૧ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં નોંધાયેલા કેસો પૈકી ૪૮૦ થી વધુ દર્દીઓને ડિસ્ચાર્જ અત્યાર સુધીમાં આપવામાં આવ્યુ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. જિલ્લામાં આજે ૨૩૦૫૭ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે. જેમાં ૨૨૯૦૯ લોકો હોમ ક્વોરોન્ટાઈન, ૮૪ લોકો ફેસીલીટી સેન્ટરમાં તો ૬૪ લોકો પ્રાયવેટ ફેસીલીટી સેન્ટરમાં ક્વોરોન્ટાઈન હેઠળ છે.

### ચૂંટણીનો બહિષ્કાર...

● ત્રીજા પાનાનું ચાલુ

શકતી હોઈ તો પરીક્ષાની તારીખ કેમ જાહેર ના થઈ શકે. સરકાર બેરોજગારીનું પહેલા વિચારે પછી ચૂંટણીનું વિચારે. જો સરકારને ગુજરાતના બેરોજગારોની ચિંતા હશે તો કંઈક નિર્ણય લેશે. બાકી સમજી લેવાનું કે સરકારને બેરોજગારોની નહીં, ફકત પોતાની શીટ અને ચૂંટણીની જ ચિંતા હશે. મેસેજમાં એમ પણ કહેવાયું છે કે, ચૂંટણી આવું રહી છે. અને આ જ એક મોકો છે આપણા કામ કઢાવવાનો અને સરકારનું નાક દબાવવાનો.. જો અત્યારે આપડે બેઠા રહીશું તો ૨૦૨૨ સુધી બેઠા જ રહેવું પડશે. આપડે અત્યારે રોડ ઉપર આવી ફિઝિકલ લડાઈ લડી શકયે એમ નથી. પરંતુ આપડે ડિજિટલ આંદોલન કરી જ શકાય છે. અને સરકાર દિલ્હી સુધી ધ્રુજી જાય તે પ્રકારે ડિજિટલ ટ્વીટર વોર કરવાનું છે. ઉલ્લેખનીય છે કે, સરકારનું સીધી રીતે નાક દબાવવાનો પ્રયાસ કરાયો છે. વર્ષ ૨૦૨૦ અને ૨૧ માં ૩૫ હજારથી વધુ કર્મચારીઓ રિટાયર્ડ થયા છે. આ તમામ જગ્યાઓ ખાલી છે. એલઆરડી, બિનસચિવાલય, તલાટી અને શિક્ષકોની ભરતી છેલ્લા કેટલાક વર્ષોથી થઈ નથી. તેમજ છેલ્લા ત્રણ વર્ષમાં પણ કેટલીક પરીક્ષાઓ અલગ અલગ કારણોથી રદ થઈ છે. સરકાર સરકારી ભરતીમાં જાતિવાદ લાવી રહી છે તેવુ યુવાનોનું કહેવું છે. ત્યારે યુવાનોના આંદોલનની પેટાચૂંટણી પર મોટી અસર થઈ શકે છે.

ઘરમાં રહો સુરક્ષિત રહો